જુદા જુદા તમામ અભ્યાસક્રમોની સવલત મળતી થઈ ગઈ છે. આ સવલતોનો લાભ સમગ્ર ગુજરાત રાજયના પ્રજાપતિ બાળકોને મળી રહે એવા ઉમદા ખ્યાલથી અમદાવાદના ભાઈઓએ ટ્રસ્ટની સ્થાપના કરી છે. પણ અમદાવાદમાં પ્રજાપતિઓની વસ્તી ટૂંકી છે અને તેમની આર્થિક સ્થિતિ ઉપરોક્ત ધ્યેયને પાર પાડવા માટે સુસંગત નથી. આથી આપને અમારા પારમાર્થિક ધ્યેયને પાર પાડવા માટે અમારા ટ્રસ્ટને આપનાથી બનતી સહાય કરવા દર્દભરી વિનંતી છે. સહાય કરતી વખતે એટલું યાદ રાખવાનું છે કે આ વર્ષે આપે યથાશક્તિ આપેલી સહાયથી અમારું ટ્રસ્ટ પોતાનું ધ્યેય પાર પાડી શકવાનું નથી, પણ આવનારા કેટલાંક વર્ષો સુધી આપણે સૌ દાન-ફાળાનો પ્રવાહ વહેવડાવીશું તો આપણા મહાભારત કાર્યને પાર પાડવામાં કોઈ અવરોધ નડશે નહિ.

---

પરદેશમાં વસતા ભાઈઓને જણાવવાનું કે અમારી પાસે ઘણા ભાઈઓના સરનામા નથી, તો તેવા ભાઈઓને અમારા ટ્રસ્ટ વિષે માહિતગાર કરવા અને ટ્રસ્ટને મદદરૂપ થવા બનતા પ્રયત્નો કરવા ખાસ વિનંતી છે. જો અમને તેમના સરનામા મોકલી આપવામાં આવશે, તો અત્રેથી તેમનો સંપર્ક સાધવામાં આવશે.

| | |
|---|---|
| ૨,૨૨,૦૨૨-૯૦ | સ્થાનિક ફાળો |
| ૪,૧૩,૪૩૪-૦૦ | ઈંગ્લેન્ડનો ફાળો |
| ૬૮,૪૦૦-૦૦ | દક્ષિણ આફ્રિકાનો ફાળો |
| ૭૨,૦૫૫-૦૦ | અમેરિકાનો ફાળો |
| ૫૧,૩૭૦-૦૦ | ન્યુઝીલેન્ડનો ફાળો |
| ૮,૨૭,૨૮૧-૯૦ | |

અત્યાર સુધીમાં ઉપર બતાવ્યા મુજબ દાનફાળાની રકમ રૂા.૮,૨૭,૨૮૧-૯૦ થઈ છે. અમદાવાદમાં જમીનનો ભાવ વર્ષોવર્ષ વધતો જ જાય છે. તો ટ્રસ્ટના ધ્યેયને સાકાર કરવા માટે વિપુલ નાણાંકીય ભંડોળની જરૂર પડશે, તે હકીકત આપણે સૌએ નજર સામે રાખવાની છે. ટ્રસ્ટના ધ્યેયને પાર પાડવા માટે નૂતન વર્ષમાં દરેક જ્ઞાતિજન યથાશક્તિ દાનફાળો અવશ્ય આપશે એવી આશા રાખવામાં આવે છે. ભાઈઓ સાથે બહેનો પણ આ મહાભારત કામમાં જોડાશે, તો ટ્રસ્ટને ઘણું બળ મળશે.

આપનો ફાળો ઈન્ડિયન કરન્સી એટલે રૂપિયામાં ઉપર જણાવેલા સરનામે મોકલવા વિનંતી છે. ટ્રસ્ટની હાલની આર્થિક પરિસ્થિતિના કારણે ટ્રસ્ટીઓ હાલે ફંડફાળા માટે પરદેશનો પ્રવાસ ખેડી શકે એમ નથી, તો આ વિજ્ઞપ્તિ પત્રને અમારી રૂબરૂ મુલાકાત તુલ્ય માનીને આપનો કિંમતી ફાળો મોકલી આપવા વિનંતી છે.

લિ.

આપ સૌનો સહકાર ઈચ્છતો,

P.M. Lad

(પ. મો. લાડ)

પ્રમુખ